| | | |
|---|---|---|
| **તારીખ : 30/10/2018** | **વિષય : ગુજરાતી** | **ગુણ : 80** |
| **વાર : મંગળવાર** | **ધોરણ : 6 (પ્રથમ સત્ર)** | **સમય : 2:00 થી 5:00** |

**પ્રશ્ન 1. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** (6)

(1) રેલવે સ્ટેશન પર કયા કયા સ્ટોલ જોવાં મળે છે ?

(2) કવિ વંદન સ્વીકારવાનું કોને કહે છે ?

(3) શિલ્પી શું કરી રહ્યો હતો ?

(4) સીમમાં શું શું લઈ જવા કહ્યું છે ?

(5) કવિ પંથ કેવી રીતે કાપવાની વાત કરે છે ?

(6) બેગમે બાદશાહને શા સમાચાર આપ્યા ?

**(બ) પાત્ર અને કૃતિને યોગ્ય રીતે જોડો.** (5)

| (અ) પાત્ર | (બ) કૃતિ |
|---|---|
| (1) રાજા | (1) હિંદમાતાને સંબોધન |
| (2) ટાબરિયાં | (2) રવિશંકર મહારાજ |
| (3) ફોન કરતો યુવક | (3) પાદર |
| (4) શિવાજી | (4) દ્વિદલ |
| (5) નાથીબા | (5) બીરબલની યુક્તિ |
| | (6) પગલે પગલે |

**(ક) કાવ્યપંક્તિ પૂર્ણ કરો.** (4)

રંગે-સંગે કામ........................

........................દેનારો ભગવાન રે...ભાઇ !

**પ્રશ્ન 2. (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) ભારતભૂમિને કવિ માતા તરીકે કેમ સંબોધે છે ?

(2) લીંપી-ગૂંપીને ખળાં શા માટે કરવાં પડે ?

(3) 'દુર્ગમ પંથ કાપ્યે જા' પંક્તિ ક્યા કાવ્યની છે ? આ કાવ્યના કવિનું નામ શું છે ?

(4) 'મહેનતની મોસમ' કાવ્યમાં કવિ મલકને આબાદ કરવા શું સૂચવે છે ?

**(બ) સવિસ્તર ઉત્તર લખો. (ગમે તે બે)** (8)

(1) બાદશાહને દહાડો બગડશે એવું કેમ લાગ્યું ?

(2) રવિશંકર મહારાજનાં કાર્યોથી સમાજના લોકોને શો લાભ થયો ?

(3) કહળસંગ બાચકું લેવાની શા માટે ના પાડે છે ?



Scanned by CamScanner

(ક) કારણો આપો. (ગમે તે ત્રણ) (6)

(1) ખુશખુશાલ ચહેરે યુવકે ફોનનું સ્પીકર બંધ કર્યું કારણ કે...

(2) રવિશંકર મહારાજને લોકો બોરિંગવાળા મહારાજ તરીકે ઓળખવા લાગ્યા કારણ કે...

(3) હરખચંદને શરમાવું પડ્યું કારણ કે...

(4) માણસ નિ:શબ્દ બનીને શિલ્પીને જોતો રહ્યો કારણ કે...

**પ્રશ્ન 3. સૂચના પ્રમાણે લખો.**

**(1) રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો. (ગમે તે બે)** (2)

1. આજીજી કરવી
2. લાગમાં આવવું
3. દિલ દઈને

**(2) નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.** (2)

મૂર્તિ, કર્તવ્ય, જીવનમંત્ર, દુષ્કાળ

**(3) નીચેનાં વાક્યોમાંથી સંજ્ઞા ઓળખીને લખો.** (2)

1. આદિત્ય લખે છે.
2. બીરબલ વિચારે છે.

**(4) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** (2)

1. જીવનનું મુખ્ય કર્તવ્ય
2. નદી કિનારાની બખોલો.

**(5) નીચેનાં વાક્યોમાંથી વિરામચિહ્નો ઓળખો.** (2)

1. શિલ્પી શું કરી રહ્યો હતો ?
2. કહળસંગે એમ તો બાપુનું કારજ પાંચમનું રાખેલું.

**(6) જોડકાં જોડો.** (2)

| **સંજ્ઞા** | **પ્રકાર** |
|---|---|
| 1) ઘઉં | 1) ભાવવાચક |
| 2) ટુકડી | 2) જાતિવાચક |
| 3) નદી | 3) દ્રવ્યવાચક |
| 4) અકબર | 4) સમૂહવાચક |
| | 5) વ્યક્તિવાચક |



Scanned by CamScanner

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (1).

1) હાથ 2) પંથ

(8) નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (કોઈપણ બે) (2)

1) જરુખો

2) દેવભુમી

3) મુકશેવક

પ્રશ્ન 4. (અ) નીચેનો ફકરો વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (5)

આ તો વાત થઈ નાના ચોરોની, પણ મહારાજને તો માણસ પર એટલો બધો વિશ્વાસ કે બહારવટિયાઓને સુધારવાનું પણ એ ચૂકે નહિ. ઈ.સ. 1922માં એમને પ્રથમવાર બહારવટિયાઓનો ભેટો થઈ ગયો. છિપિયાલ ગામથી તેઓ રાત્રે સરસવણી ગામે પાછા ફરતા હતા, ત્યાં રસ્તામાં જ બહારવટિયા ભેટી ગયા. કાચોપોચો માણસ હોય તો છાતીનાં પાટિયાં બેસી જ જાય પણ આ તો મહારાજ! નરી નિર્ભયતાની મૂર્તિ! એમણે તો બહારવટિયાઓને મહાત્મા ગાંધીની વાત કરી, આઝાદીની લડતની વાત કરી. બહારવટિયાઓને ગાંધીજીનું કામ ઉપાડી લઈ 'સાચું બહારવટું' ખેડવા સમજાવ્યું. પછી તો મહારાજે કોતરોમાં ભમી-ભમી અનેક બહારવટિયાઓને સુધારવાની પ્રવૃત્તિ કરી. આથી જ તો ઝવેરચંદ મેઘાણીએ એમને 'માણસાઈના દીવા' કહ્યા હતા.

(1) રવિશંકર મહારાજ ક્યા ગામે પાછા ફરતા હતા ?

(2) બહારવટિયાઓને મહારાજે ક્યા મહાપુરૂષની વાત કરી ?

(3) ઉદાહરણ પ્રમાણે કરો.

ગોર: ગોરપદું

બહારવટિયા: ............

(4) ઉપરોક્ત ફકરામાં વપરાયેલ કોઈ એક રૂઢિપ્રયોગ શોધીને લખો.

(5) 'માણસાઈના દીવા' બિરુદ કોને આપવામાં આવ્યું છે?

(બ) કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (10)

(1) વર્ષાઋતુ


(2) દિવાળી

(3) મારું બાળપણ



Scanned by CamScanner

પ્રશ્ન 5. (અ) ચિત્રના આધારે પ્રશ્નોના ઉત્તર લખો. (5)




(1) ચિત્રમાં કોણ કોણ નજરે પડે છે ?

(2) કયા કયા સ્ટોલ નજરે પડે છે ?

(3) ચિત્રમાં કેટલા પુરુષો દેખાય છે ?

(4) ચિત્રમાં કેટલી વ્યક્તિઓએ માથે સામાન ઉપાડેલ છે ?

(5) ચિત્ર કયા સ્થળનું છે ?

પ્રશ્ન 5. (બ) પત્રલેખન કરો. (4)

'ચિત્રની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ અભિનંદન આપતો પત્ર તમારા મિત્રને લખો.

(ક) નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખો. (ગમે તે ત્રણ) (6)

(1) સીમમાં શું શું લઈ જવા કહ્યું છે ?

(2) રાજાનો ખોટો વહેમ શી રીતે દૂર થયો ?

(3) ગામના લોકો ઘરવપરાશની વસ્તુઓની ખરીદી એકસામટી કેમ કરતાં ?

(4) ગુજરાતીના પાઠ્યપુસ્તકમાં ક્યો પાઠ તમને વધુ ગમે છે ? શા માટે ?



Scanned by CamScanner